નાની કવીતાઓ.

આર્દેશર મા. મોદી.

નાની કવીતાઓ.

રચનાર

આઈમાય માણેકજી પે. મોદી

મુંબઇ.

૧૯૧૪.

"ધી ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ" માં માણેકજી જીવનજી તવરીઆએ છાપ્યું છે.
નં૦ ૧) પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

આંઇમાય માણેકજી પે. મોદીએ પોતાને માટે છપાવી પ્રગટ કરયું છે,
ઑરીએંટ બીલ્ડીંગ, કોલાબા રેકલેમેશન, મુંબઈ.

સાંકળ્યું.

શ્રી દાદાર.

ખુદાની બંદગી.

ભુજંગી છંદ.

ખુદા તું ખરો એક છે પાળનારો,
નમું સર્વદા તો સફળ જન્મ મારો;
ભરી સૃષ્ટીમાં સર્વને હાથ તારો,
ખરો એક છે તું સદા તારનારો. ૧

નથી દેખીતા હાથ કે ચર્ણ તુંને,
નથી ભેદ તારો જણાતો અમુને;
તુંને કોણ છે પૃથ્વિમાં દેખનારો,
ખરો એક છે તું સદા તારનારો. ૨

કર્યા ચંદ્ર, તારા અને સુર્ય તુંએ,
કર્યાં પાહાડ, પાણી ન બાકી કશું એ;
અતી યુકતીએ જીવ જીવાડનારો,
ખરો એક છે તું સદા તારનારો. ૩

કરૂં પ્રાર્થના પંથ શીખાડ સારો,
વિના ભકિતએ પાપનો ના નિવારો;
શિરે સાંહય ભર્યો મને હાથ તારો,
ખરો એક છે તું સદા તારનારો. ૪

જશન વખતે ભણવાનો
રાજકર્તાને ભલી દુવાનો આફ્રીનામીનો કરદો.

[એરવદ કાવસજી એદલજી કાંગાના અવસ્તાના તરજુમાં ઉપરથી બનાવેલી]

૧. અહુરહે મજ્દાઓ રએવતો ખરેનંઘહુતો.
આફ્રીનામિ ક્ષથ્રયાંન् દઈંઘહુ પઇતિ, ઉપરાઇ
અમાઇ ઉપરાઇ વેરેથ્રાઇ, ઉપરાઇ ક્ષથ્રાઇ, ક્ષથ્રેમચ
પઇતિ-અસ્તીમચ, દરેઘો-ક્ષથ્રેમ् ક્ષથ્રહે, દરેઘો-
જીતીમ् ઉશ્તાનહે, દ્રવતાતેમ् તનુખ્યો.

ભાવાર્થ.

અહુરમજદ નુરમંદ તું છે ધણી
પુરો એક માલેક આલમ તણો
નમી તુજ પાસે હું માગું ખુદા
અમારા શહાનશાહને સઘલી દુઆ.
રૂડો રાજકર્તા શેહેરનો ધણી
વધે તેની હીમ્મત ને ફત્તેહ ઘણી,
હકુમત ને પાદશાહી વધે જય ભરી
સતા તેની માન્યે અમે શીર ધરી.
થજો શાહની ઉમ્મર જાદા ઘણી
પુરી તનદુરસ્તી મલે તનની.

૨. અમેમ હુરતેમ્ હુરઓધેમ્ વેરેથ્રઘ્નેમ અહુરધાતેમ, વનઇન્તીમચ ઉપરાઇતાતેમ્, પોઉરુસ્પક્ષતીમ્ તિમથયન્તાંમ્, પઇતિ-જઇતીમ્ દુશ્મઇન્યુનાંમ્. હથાનિવાઇતીમ્ હમેરેથનાંમ્ અઉર્વથનાંમ્ તિબ્બચન્તાંમ્

ભાવાર્થ.

અહુરમજદની બક્ષેલી હીમ્મતથી,
હરીફો શેકસ્ત થજો રાયથી.
અદેખા જે શત્રુ સતાવી લડે,
અહુરમજદની કીર્તીથી હારી પડે.

૩. આફ્રીનામિ વવ-વાઓ વનન્-પેષને બુયે, વીસ્પેમ્. અઉર્વથેમ્ તિમબ્ચન્તેમ્, વીસ્પેમ્ અધેમ્ તિમબ્ચન્તેમ્, અશ્થબ્યો-મનંઘ્નેમ્, અશ્થબ્ગો-વચંઘ્નેમ્ અશ્થબ્યો-શ્યઓથ્નેમ્.

ભાવાર્થ.

ખુદા તુજ પાસે હું માગું વલી
અમારા શહાનશાહને ફત્તેહ ભલી
બુરાં વાકય વાલાં બુરાં મનનાં
કિના ઔર કપટી બુરાં કામનાં
થજો હાલ બુરા તે સર્વે તણા
ભલા રાજકર્તાને હાથે ફના.

૪. વચને ખુપે રથ્‌૦ય મનંમ્રહ, રથ્‌૦ય વચંઘહ
રથ્‌૦ય ૦યઓ૦ન નિજને ખુપે વીરયે દુરમન્યૂ
વીરયે દએવયસ્નઃ જજે ખુપે વંઘહાઉચ મિજદે,
વંઘહાઉચ ઞ્વહિ, ઉરૂનએચ દરેપે હવંમ્રહે.

ભાવાર્થ.

વિચારો પવીત્ર ને સાચાં વચન
અદલ ન્યાયી રાજા રહો ફત્તેહમંદ
હરાવે તે હીમ્મતે શત્રુ બધા,
ને દેવના પરસ્તોને તોડે સદા
ભલો તેને બદલો મલે કીર્તીમાં
ને રૂહની અમર્ગી પવીત્રાઇમાં.

૫. આફ્રીનામિ દરેઘેમ જ્વ ઉશ્ત જ્વ, અવંઘહે
નરાંમ્ અષઓનામ્ આજંઘહે દૂજવરશ્તાવરે
જામ્, વહિશ્તેમ્ અહુમ્ અષઓનાંમ્ રઓ-
ચંઘહેમ્ વિસ્પોખાથ્રેમ. અથ જમ્યાત્ યથ
આફ્રીનામિ.

ભાવાર્થ.

દુઆ ચાહું મજદથી શહાનશાહ તુંને
સુખી તારી જીંદગી લાંબી બને
સુધાં સત્ય વાધીને સાહ્ય થવા,
બુરાં કૃત્ય કરતાંનું બળ તોડવા;

૫

ઘણાં વર્ષ જીવજે ભલા તું શાહા
ખુશી તનદુરસ્તી ને સુખમાં સદા
અશોનું સુખી ઠામ સ્વર્ગે વરે
દુઆ મારી દાદાર આમીન કરે!

Twinkle, Twinkle Little Star,

(તેનો તરજુમો અને તેજ રાહા)

ઝીના તારા ચલચલ થાય,
આહા એતો ના સમજાય.
દુન્યાથી ઉંચાઇમાં છેક,
આકાશમાં જેમ હીરો એક.
જ્યારે શુભ સુરજ ઢંકાય,
જ્યારે કંઇ પણ ના દેખાય.
ત્યારે તું દે છે ઉજાશ,
આખી રાત ચલચલ પ્રકાશ.
અંધારે મુશાફર જાય.
તારાં તેજથી રાજી થાય.
તે ન તેનો રસ્તો જોત,
જો તારો પ્રકાશ ન હોત.

મારાં માયાળુ મીત્ર મીશ મેકી વિલાયત ગયાં તે વેળા બનાવેલી, "સુખી રહેજો માગી મેકી."

દોહરા (ACROSTIC)

સુખમાં તમને સર્વદા, રાખે શ્રી જગદીશ,
ખિલજો તાલે સુર્ય સમ, જય પામો અહોનીશ.
રહેશે યાદી દીલમાં, ભુલીશ નહી આભાર,
જોઇશું ક્યાં હવે પછી, તમ સરખાં સ્વાચાર.
માન વટે તમને બહુ, બુધ્ધી-સાગર બાઇ,
ગીતો શુભ વખાણુના, રાજી રહીશું ગાઇ.
મેળવ્યું આ દેશમાં, પર ઉપકારી નામ,
કીર્તિ, સદગુણ, સુખમાં, દિપજો ઠામેઠામ.

Home, Sweet Home.

(તેનો તરજુમો અને તેજ રાહ.)

નિત્યે મજાહને રાજય માહલોમાં કર્યે મુકામ,
હોય રંક તોપણ આપ ઘર જેવું નથી કંઈ ઠામ.
આકાશ માહીંની ખુશનુમાં તો ઘેરમાં વેરાય,
વિશ્વ બધીમાં શોધતા પણ નહી બીજે દખાય.
ઓ, પ્રિય, પ્રિય ઘેર,
તે જેવી નથી કંઇ લેહેર, તે જેવી નથી કંઇ લેહેર.

મુસાફરીના મોજ ભપકા ઠાલા ઝલકાટ,
ઓ આપ મુજને અપ મારી ઝુંપડી બીન ઠાઠ.
ખુશાલ પક્ષી આવતું બોલાવું તો મુજ પાસ,
ઓ આપ તે સૌ સાથ મન નીરાંત સૌથી ખાસ.
ઘેર, પ્રિય, પ્રિય ઘેર,
તે જેવી નથી કંઇ લેહેર, તે જેવી નથી કંઇ લેહેર.

ગાયના ગુણ.

ઝુલના છંદ.

ગાયનું મુખ પ્રભાતમાં દેખતાં,
દીન આખો ખુશી સાથ રહેશો.
ગાયનું દુધ પ્રભાતમાં આણતા,
શુભ સુકણ તમે માની લેશો.

ગાયનો પુત્ર પ્રભાતમાં જોઈને,
સાંત પ્રભાતની સયર લેશો.
ગાયના ગુણ ગણ્યા ગણાશે નહી,
એ વિચારી દયા દીલ લેશો.

ગાયના દુધના ગુણ અગણીત છે,
સર્વ જણ હોંશથી ઘેર આણે.
રાયને ભાવતું, રંકને ફાવતું,
બાળને વૃધ્ધ સરખું વખાણે.

શ્રેષ્ઠ એ પાન છે, ભુખ નીવાર્ણ છે,
પ્રાણ પ્રમાણ છે, પ્રાણીઓને.
કંઈક પકવાન છે એ વડે સોભીતાં,
એ વિના સ્વેત કો' અન્ય કોને ?

માત કોઈ બાળની કાળ તાએ થઈ,
છોડી ચાલી ગઇ દુઃખ થીરે.
બાળ તે બાપડું ઝોલીએ ઝુરતું.
દુધ પીવા રડે ભુખ થીરે.

અન્ન ખાવા હજી દાંત મલ્યા નથી,
કેમ તે બાળકું જીવશેરે.
ગાય તે માય છે જગતમાં જીવતી.
દુધ પીને સુખે ખેલશેરે.

માત એ રૂદ્રની પાળનારી ભલી,
દીકરી એ વસુની પનોતી.
માત એ નંદીની માનવંતી ખરી,
બાર આદીત્યની બેહેન મોટી.

ગાયનો પુત્ર જોડાય છે કોષમાં,
વાડી બાગે નિખે નીર વેહ છે.
ગાયના પુત્રથી ખેત ખેડાય છે,
જે વડે જન્ન સર્વે જીવે છે.

ગાયનો પુત્ર જોડાય છે ઘાણીએ,
બંધ આંખે તણાતો બિચારો,
ધન્ય એ જાતને, ધન્ય ગઉ માતને,
એ વિના કોણનો છે નિવારો.

અમદાવાદની સ્ત્રી છોકરાંની જુબીલી હોસ્પીટલ.

રાહ—તાજ એ તાજ.

પ્રભુ પ્રસન એ કામ છે,
દયાનું ધર્મિ ધામ છે.
એ માન રણછોડ લાલને.
સાબાસ ધર્મિ ચાલને,

જશ ભુવન એ થશે.
જુબીલી નામ દીપાવશે,
અબળાનાં દુ:ખ નિવારશે,
રંકોની આશિશ પામશે.

વધો કુશળતા સંપતી,
જેની ઉદારતા અતી.
એવી સર્વે ને સુમતી,
દેજે સદા તું જગપતી.

અનેક શેહરો સોહ્યાં છે,
ઉપકારી કામો શોધ્યાં છે.
જુબીલી ઝાડ રોપ્યાં છે,
અખંડ નામ જોડયાં છે.

કયશરે—હીંદ વિજય ભર્યાં,
તાજ ને તખ્ત ફ-તેહ ભર્યાં,
રહો જગતમાં જશ ભર્યાં,
વિશ્વમાં વિસ્તાર ભર્યાં.

લેડી ક્લેર.

(રાજ-કવી લોર્ડ ટેનીશનની રચેલી ઇંગ્રેજી કવિતા ઉપરથી)

બેત

હતો તે ફુલ્લોનો ખુસ્નુમા બાહાર,
આએ તો ઉમેર્યો સુંદર ચિતાર.
લોર્ડ રેનલ્ડ લાવ્યો એક સાબરી સફેત,
આપી તે લેડી ક્લેર પીત્રાણુને ભેટ. ૧

જે ટંટો ન ખતરો એમ ખાતરીથી કહું,
તે અદરાયલું જોડું ને સંપીલું બહુ.
શાદી છે તેઓની કાલે સહવાર,
દાદાર તે રોજ ઉપર રહે નગેહદાર. ૨

"તે ચાહતો નથી મારા એલકાબને સર,
"કે નહી મારી વિસ્તારી જાગીર ને ઝર.
"ધરેછે તે મારી પોતાની કીમંત,"
"ને બોલી કે 'સારૂં એ મારૂં કિસ્મત." ૩

દાસી ત્યાં આવી ને કર્યો સવાલ.
"કોણ પેલો તું પાસથી ચાલ્યો જે હાલ?"
લેડી ક્લેર બોલી "એ મારો પીત્રાઇ,
"ને કાલે તો સાદીએ વધશે સગાઇ." ૪

બોલી તે દાસી "ખુદાના શુકર,
"વાજબી જે હતું તે આવ્યું ઉપર,
"લોર્ડ રોનલ્ડ તારી મીલકતનો હકદાર,
"લેડી ક્લેર નામની તું નથી ધરનાર" ૫

"ઓ દાસી કંઈ ચળ્યું છે તારૂં મગજ?
"કે બોલે છે એવું તું વગર સમજ."
બોલી તે દાસી કે "ખુદા છે પાસ,
"તું મારી બેટી ને હું તારી માત. ૬

"તે ઉમરાવની દીકરીને દુધ પાતી હું,
"ગુજરી તે ત્યારે એમ સોગનથી કહું.
"કહી મારૂં ફરજંદ કરી ભુમીદાહ,
"મુકી તે બદલામાં તુને મેં હયાં." ૭

"ઠગાઈરે ઠગાઈ તેં તો વાપરી, ઓ મા,
"ઠગાઈ તેં તો વાપરી, હાય કર્યું જો આ,
"રાખ્યો તે ભલાને તપાવી પુર,
"આટલાં વર્ષો તેના વારસાથી દુર." ૮

"એમ ના કર બેટી" તે બોલી આલીશ,
"પણ દાટી દવાત તારી જીંદગી તુલીક,
"તેનુજ છે સર્વ જે તારૂં હશે,
"જયારે તું પરણીને તેની થશે." ૯

“હું છું જો જન્મેલી રંકને ઘેર,
“સાચું તે કહી દેવું જોઇએ આ પેર.
“સોનાનો ટીપ્પો આ ઉતારી દઉ,
“ને હીરાના હારને તો ફેંકી હું દઉ.” ૧૦

બોલી તે એલીશ, “આ નહી મારાં વાહાલ,
“બને તેમ કરી તું છુપાવી ચાલ,”
પણ રાખ્યું લેડી કલેરે પોતાનું મત,
કે “પરખાશે એ પરથી માણસનું મત.” ૧૧

બોલી તે દાસી કે શું જોવું સત,
“પકડે તે પોતાના હકને તરત.”
લેડી કલેર બોલી કે “મલશે તેનેજ,
“જીવ મારો જાય તોપણ ખરૂં છે તેજ.” ૧૨

“વાહાલી, તારી માને કીશી એક આપ,
“અફસોસ, તું ખાતર મેં કર્યું એ પાપ.”
“ઓ માતા, ઓ માતા, એ કેવો ગજબ,
“ઓ માતા, એ કર્યું તે અતી અજબ. ૧૩

“તોપણ આ કીશ વાહલી માતાને કાજ,
“થયું જે હોય પણ તું વાહલી મુજ માત.
“ફેરવ તું મારે શીરે તારો હાથ,
“જવા પેહેલાં મને આશિશ તું આપ” ૧૪

જાડો ને ઝાંખો તે પહેર્યો પોશાક,
લેડી કલેરનો હવે તજ્યો અલકાબ.
ચાલી તે ખીણોને મેદાનો છેક,
બાલોમાં લઇને ફુલ ગુલાબનું એક. ૧૫

રેનલ્ડે આપેલી સાબરી સર્ફેત,
આવીને ઉભી એક કુદકા સમેત.
કુંવરીના હાથોમાં ઝુંકાવી ડોક,
રસ્તામાં સાથે રહી ચાલી તે જોડ. ૧૬

બુર્જીથી દેખી ઉતર્યો રેનલ્ડ,
"આ લેડી કલેર, એન તુંજ દરજજા તુલ,
"કંઇ ગામડેની પોરીનો સજ્યો સણુગાર,
"કે તું જેવું મોતી ફુલ જહાને દિપનાર." ૧૭

"આવી છું ગામડયન થઇને હું એમ,
"હતું મુંજ નશીબને લાયકનું તેમ.
બોલી તે "જન્મી હું ગરીબને ઘેર,
"હું તો નથી કંઇ ખરી લેડી કલેર." ૧૮

લોર્ડ રેનલ્ડ બોલ્યો કે "ના રમતું પેચ,
"હું તો છું તારો મુજ વચન તો એજ.
"ના છેતર મુજને" એમ બોલ્યો તે નેક,
"એ તારી સમસ્યાનો નહી પાતો ભેદ." ૧૯

મગરૂર ને મક્કમ રહી ઊભી તે ઠામ,
સાચી તે હૈડાંની હારી ન હામ,
સાણ્યા તે સરદારની આંખો ગમ જોઇ,
દાસીની વાત બધી માંડીને કહી. ૨૦

હસ્યો તે ખુશીના ઠપકાની સાથ,
પ્રિય સન્નારીનો પકડ્યો હાથ.
"વારસ નથી જો ખરી તેની તું,
"ને જન્મેલો તેનાં જો ખાનદાને હું. ૨૧

"વારસ જો તેની તું ખોટી ગણું,
"ને કાયદાસર તેનો હું વારસ બનું.
"કાલે તો શાદીનો મુબારક દીન,
"લેડી ક્લેર નામ થશે તું જને આમીન." ૨૨

અમદાવાદનું કાકરયા તલાવ.

ઝુલના છંદ.

શું મજાહ વર્ણવું કાકરયા તણી,
દેખતાં દીલ આનંદ પામે.
શાહ કુતબુદદીને યાદગારી અતી,
રાખી ગુજરાતમાં એજ ઠામે.
ચાર ગમ નીર ને મધ્યમાં બાગ છે,
બાગમાં બંગલી બહુ બિરાજે.
પાણી પર પુલથી બાગ પોંહચાય છે,
પુલમાં ફુલના છોડ છાજે.
પાહણુની પાળનુ માહન જળ-સ્થાન એ,
મચ્છ તરતાં જુઓ જેમ દરીએ,
સાંજ પ્રભાતમાં મન ગમે તે સમે,
હોડી હંકારતાં શયર કરીએ.
ઝાડ ફુલો ભર્યો રંગબેરંગનાં,
સુર્યના તેજથી ખુબ શોભે.
બાગનો બાહાર ને નીર ચોપાસનાં.
દેખવા સર્વ જણ ત્યાંજ થોભે.

ગામડેની ઝુંપડી.

ભુજંગી છંદ.

અહા, ઝુંપડી સાંત શોભે કિનારે,
મહા માહાલ શ્રીવંત ના એથી હારે.
નહી ઢોલ ડંકા તણા સાદ ગાજે,
ધિરાં નીર ચાલે છમકતા અવાજે. ૧

જુઓ જાગીને ખુશનુમાં વાહણું વાતાં,
રવી રંગમાં રાચતાં આભ રાતાં.
શિળા સુર સઉ પક્ષીઓ હોય ગાતાં,
ઝુલી ઝાડની ડાહલીએ હીંચ ખાતાં. ૨

પ્રકાશી પ્રભા[1] પુર ઉજાસ પાડી,
શિશીરે[2] ઉની વાજ વીના[3] વજાડી.
અમી[4] ઓશ ઝુમખે ભર્યાં ખીણુ ઝાડી,
મધુરી તરૂ-વૃંદની વીશ્વ વાડી. ૩

---

[1] પ્રભા=ઝળકલું. [2] શિશીર=પવન.
[3] વિના=ફિરેસ્તાઓનુ વાજીંત્ર (Harp)
[4] અમી=મીઠાં.

પ્રભાતે લઈ છોરૂઓ મૃગ રમતાં
નિરાંતે નિરે નીરખો હંસ તરતાં.
પતંગ રંગ બેરંગ છે આંખ ઠરતાં,
પસૂઓ લીલા ખેતરે હોય ચરતાં, ૪

બપોરે નહી સુર્યનો તાપ લાગે.
લિલાં લીમની લેહેર તો ઘેર આગે.
ભર્યાં ઝાડમાંથી શિળો વાયુ વાગે,
રવી તેજથી પુષ્પના રંગ જાગે. ૫

સમી સાંજના સુર્ય તો અસ્ત પામે,
તજી તેજને તાપ ચાહ્યો વિસામે.
ભલી ભાતના ત્યાં જુઓ રંગ જામે,
મલી વ્યોમ[1] રચના રૂડી એજ ઠામે. ૬

શશી[2] રાણીનું રાજ્ય છે રાત્ર પડતાં,
નવી રીતને રોફમાં નીત્ય ફરતાં.
સહી, સાહેલીઓ[3] સઉ આવી મલતાં,
રૂડો રાચ દેખી ઉમા[4] માત ઠરતાં. ૭

---

[1] વ્યોમ=આકાશ. [2] શશી=ચંદ્ર.
[3] સહી, સાહેલીઓ=તારા, સેતારા.
[4] ઉમા=પૃથ્વી.

ગિરી રાજનાં તાજ તેજે ભર્યાં છે,
સરીતા[1] ઘરેણા સહુ નીસર્યાં છે.
લિલાં ઝાડનાં પાન પાને જડ્યાં છે,
ઉગ્યાં કણુસળે કણુ કનકે ઘડ્યાં છે. ૮

રૂડા સૃષ્ટી રચનારનો ખ્યાલ લાવો,
જુઠાં માન મેજબાનથી દુર જાવો.
કળાવંત કાબેલની કિર્તિ ગાવો,
તહુ પિંડ જંજાલ નીરાંત થાવો. ૯

---

[1] સરીતા=નદી.

અમદાવાદનું Ladies Institute.

હરી ગીત.

બહુ માનવંતું નામ ભોલાનાથનુ વખણાયલું,
પ્રખ્યાત તેમની યાદમાં, સ્ત્રી-સમાજ એ સ્થપાયલું.
નવ નવીન હુન્નરથી થશે, સર્વે સ્ત્રીઓને લાભનું,
વલી સંપને ઉમંગમાં, વીશેશ વધશે સહીપણું.
કંઈ સેહેર બીજે સાંભળી, નહીં નવીન એવી વાતને,
એ માન અમદાવાદને, સાબાસ ગુર્જર પ્રાતને.
સ્ત્રી જ્ઞાનવર્ધક સ્થાપીને. એ શેહેર શોભાવ્યું અતી.
ધન ધન્ન મૂર્તિ હીંદની, સણુગાર સજ્યો કીંમતી,
ઇસવી સને અઢારશો, નેવ્યાસીનાં શુભ સાલમાં,
આરંભ ઉત્તમ આદર્યો, નગરે નવેંમબર માસમાં.
ડયુક ઓફ કોનાટ શ્રી રાજ્યમાન સરદારનાંપતની તણા,
સુભાગ્ય હસ્તે મુર્ત કર્યું, પાયનું ભુવન તણા.
બહુ જીવજો પરિવાર સાથે પ્રેમ પામી ઇશનો,
પર ઉપકારી ગૃહસ્થોને વરશાત છે આશીસનો.

એ મહાન ભોલાનાથ Ladies Institute ને નામે ઓળખાય છે. એમાં સઘળી કોમનાં લેડીઝને વાસતે લાઇબરેરી વીગેરેની ગોઠવણ રાખેલી છે.

સરસ્વતી ચોપાન્યાંને તેનાં પેહલાં વર્ષપર દુઆ.

દોહરા (ACROSTIC)

સાલ મુબારક સરસ્વતી, જગકર્તાની મેહેર,
લક્ષ વધુ વિસ્તારથી, દિપજે સેહેરે સેહર.
મુલક મોટા સંચર્યું[1], વર્ષ એકનું બાળ,
બાગે ખિલતું પુષ્પ એ, પામ્યું પ્રેમ તત્કાળ.
રમતું રચતું રીઝાવતુ, વધતું વર્ષો વર્ષ.
ફરશે ઇશ્વર જય ભર્યું, વધશે દેખી હર્ષ.
સરસ્વતી છે સરસમતી, જેથીં જન સોભાય,
રત્ન એતો કીંમતી, શીળા[2] સોનુ થાય.
સ્વદેશને પરદેશમાં, સતવંતી તલવાર,
તીમીર[3] તોડે તેજથી, શરસ્વતી જય જયકાર.

---

[1] સંચરવું=પધારવું. [2] શીળા=પથર.
[3] તીમીર=અંધારૂં.

કજોડાંની કાહણી.

રાગ જોગ્યા.

(દસ્તગીર તું કુદરતનો વાલી એ રાહ.)

જુઓ જગમાં કજોડાંની કાહણી,
જગ્યું જીવતરને આબરૂની હાણી. ૧
વરડે ઘડપણ નવી વહુ પરણવા,
તેડયા ગોરજીને કારજ ગોઠવવા. ૨
"ચોથા વડવાએ કંસાર જમાડયો,
"બાપના દાદાએ કુવો ખણાવ્યો. ૩
"એવા છઈએ અમે કુળવાળા,
"સાથે શ્રીમંતને રૂડા રૂપાળા." ૪
ગોરજી જઈને વખાણ વરનાં ગાયા,
કન્યા માબાપ તે બહુ હરખાયાં. ૫
ચોથા વડવાએ કંસાર જમાડયો.
એવો ઉત્તમ જમાઈ અતી ભાવ્યો. ૬
બાપના દાદાએ કુવો ખણાવ્યો,
કુળપર કુંવરીને કુવો પુરાવ્યો, ૭
ગોરજી વધામણી વર ઘેરે લાવ્યો,
લગ્ન દીવસ રૂડો હવે આવ્યો. ૮

'પાકાં પળયાં એ સાહી લગાડી,'[1]
કસબી જામાએ સોભા વધારી. ૯

પાન બીડાંએ હોટ તો રંગાયા,
દાઢે કુચાએ ગાલતો ઉપસાયા. ૧૦

આંખની કરચલી કાજળે ઢાંકી,
ઢીલી પાઘડી[2] ધરી શીરે વાંકી. ૧૧

ઘોડે બેઠા વના કેમ ચાલે,
કર[3] તો લુલા લગામ કોઇ આલે. ૧૨

ઘોડે વળગી બેઠા વર ઘેલા
અલી રમતી ના વર અલબેલા. ૧૩

ઢોલ, તાસા, દલામા વગડાવ્યા,
દશો પંડયાજી પણવા પધાર્યા. ૧૪

વહુ તો વરઘોડો જોવાને દોડી,
દાદા દીકરીની ધન્ય એ જોડી. ૧૫

---

૧ પાકા પળયાંએ કંઈ ખરેખર સાહી ચોપડી નથી. પણ બુઢાપામાં બેવકુફ બને તેને વાસતે એવી બોલવાની રૂઢી છે.

૨ પાઘડી ઢીલી પડી કારણ માથુ નાનું હતું.

૩ કર=હાથ.

અંગ વાંકું ટટાર કેમ આવે,
બુઢો નમવાના ઢોંગ બતાવે. ૧૬
સાસુ હરખે હરવવા નીસરયાં,
પુત્રી પરણે તો ભવ દુઃખ વીસરયાં. ૧૭
બાંધી મીઢળ મધુ-પાત્ર[૧] ભરયાં,
વાંકા વાનરને વાછરડી વરયાં. ૧૮
ફેરો મંગળ ફરવાને ઉઠયા,
ચોથી ચકરીએ ચીમપાનઝી ધ્રુજયા. ૧૯
જેમ તેમ હૈડાંમાં હીમ્મત રાખી,
મંગળ-ક્રિયા પુરી કરી નાખી. ૨૦
કન્યા પરણી ઉઠી હર્ખ-ઘેલી,
તારાં ભવીજનો પરમેશ્વર બેલી. ૨૧
લગ્ન-ક્રિયા તો થઇ હવે પુરી,
કર્મ-કાહણી હવે તો અધુરી. ૨૨
વાજતે ગાજતે વહુ વર ઘેરે આવ્યાં,
દાદી છૈયાં એ રમવા બોલાવ્યાં. ૨૩
વહુ તો ગાતી છે ગીતો ને ગરબા,
ડોશા દમયલ ને કાને તો પરદા. ૨૪

---

[૧] મધુ-પાત્ર=ઘી ગોળનું વાસણ.

વહુ તો વેણી ને સેંતા તપાસે,
દાદા દર્પણમાં ડાચાં વકાસે ૨૫
વર્ષો પાંચેકની પાઘડી પુરાણી,
વર૭ પેહેરતાતા હોંસે વખાણી ૨૬
વહુએ ઢીંગળીની હોઢણી બનાવી,
બાકી રહી તેતો સહીઓને ભાવી. ૨૭
ડોસા દાઢયું ખરચવાને ડર્યા,
વહુની સાડી શીરે બાંધી ફર્યા. ૨૮
"એવા અમબી હે પક્કા ને પુરા,
"વેર લેવામે નહી હે અધુરા." ૨૯
"દાદા લેવડી કેમ ના લાવો આપો,
"રાંધો રાયતું[૧] ને [૫]રોટલા તો થાપો." ૩૦
વહુ તો પાડોશમાં રમવાને ચાલી,
હાલ્લાં રવડે રસોડાંમાં ખાલી. ૩૧
ભલે પરણો તો લાયક ઉમ્મરની,
ડાહી, સમજુને વરની કદરની. ૩૨

---

૧ જોકે રાયતું કંઇ રાંધીને નથી બનાવવામાં આવતું પણ વહુ તો એટલુએ જાણતી ન હશે તે રાયતુ રાંધવા કહે છે.

બાળા રમતી શું ઘેર સાચવશે,
'આપ-કાહણી, જગ-હાંશી' કરાવશે. ૩૩

અતી ઉત્તમ છે ધર્મ તમારો,
પુ:ન-વિવાહનું પુન્ય વધારો. ૩૪

વિધવા ભવ કાંય આખો જળાવો,
કીકી વૃધ્ધને કાંઅે વળાવો. ૩૫

ભલું વેર.

બેત.

હતું સેહેર અફગાનનુ જયારે હેરાત,
વધેલું તે વેપારે બોહલું વિખ્યાત. ૧

ન રાજા, ન પાહદશાહ, ન ન્યાય--સમાજ,
નવાબો ને મીરોથી ચાલતું તું રાજ. ૨

નવાબોને બેઠી કંઈ દુરબળ દસા,
પ્રજા લોક ફાવ્યા ને લીધી સતા. ૩

પ્રજા મંડળે હવે ધર્યું તે રાજ,
વડો તેમાં અકબર છે કીર્તિનો સાજ. ૪

ગરીબ માતપીતાનો પુત્ર હતો,
ધરી ખંત વેપારે વધ્યો જતો. ૫

હકુમત પ્રજાની ન ઝાઝી ટકી,
નવાબોએ લીધી જબર-દસ્તીથી. ૬

ધમાલખાં, જમાલખાંનો જાગ્યો જુલમ,
ઝુઆકીના ઝુંડા ચઢયા ચારે ગમ. ૭

હતી હેડે ધાસ્તી પ્રજા તરફની,
રખે લોક હંફાવે એકડાં બની. ૮

ઘડયો ઘાટ અકબરનો રાખી કપટ,
કર્યાં માલમીલકત તેના જપત. ૯

ઠગારા ફિતુરીનુ આપીને આળ,
કઢાવ્યો અકબરને જનમ દેશનીકાલ. ૧૦

હુકમ તેને શીક્ષાનો સંભલાવા કાજ,
ઉભો કર્યો અકબરને કાજીજી પાસ. ૧૧

કિનાખોર કાજી તુમાલખાં બુરો,
મિજાઝી, દેમાગીને ઇત્તર પુરો. ૧૨

વધુ પેલી હારથી બનેલો જબુન,
કહ્યા અતી અકબરને બુરા સખુન. ૧૩

"મજુરયાનો બેટોને તુચ્છ તારી જાત,
"બડેખાંની સાંમે શું તારી વિસાત. ૧૪

"હમો પર તું ચઢતી બજાવનાર કોણ,
"હેરાતના નવાબને સતાવનાર કોણ. ૧૫

"અમારી દયાથી છે એટલી સજા,
"ગરીબ તારી હાલતે પાછો તું જા. ૧૬

"તજી દે જે હોએ તારાં દોલતને માલ,
"વતન છોડી જા તું જનમ દેશનીકાલ." ૧૭

હુકમને તો અકબરે કર્યું નમન,
પણ કાઝીને સંભલાવ્યાં નીચલાં વચન. ૧૮

"કહયા છે સખુનો તેં મુજને સખત,
"થશે તુંને પસ્તાવો કોઇબી વખત." ૧૯

સલામ દીધી હેરાતને હંકાર્યું જહાજ,
મુકામ કર્યો આવીને શેહેરે શીરાઝ. ૨૦

શિરાઝી તો અકબરના દેણદાર હતા,
ભરી દીધા પૈસા જે લેહેણા હતા. ૨૧

મલી કંઇક પુંજીને વેપારી ખંત,
ઝમકયો સેતારો થયો તાલેવંત. ૨૨

મુસાફરીને સોદા કરે ઠામેઠામ,
દમાવંદ પોંહચીને કર્યો મુકામ. ૨૩

દમાવંદી લોકને હેરાતીસે વેર,
હેરાતી ને દેખીને લડતા દલેર. ૨૪

સરણ થયેલા લોકોને કરતા ગુલામ,
ખરીદતે સરદારો ખરચીને દામ. ૨૫

ગયો જેવો અકબર એક સરદારને ગામ,
દિઠો એક હેરાતીને થએલો ગુલામ. ૨૬

સુખી જીંદગીનો તે નાજુક સમાન,
જંજીરે જીકડાયલો કેદી તમામ. ૨૭

મજુરીને વૈતરાંએ થાકી જતો,
અતી કષ્ટ સેહતાં તે કાયર થતો ૨૮

ઘડીવાર થોભી નિસાસા ભરે,
ને આંખેથી એકેકું આંસુ ખરે. ૨૯

તે દેખીને અકબરને આવી દયા.
હેરાતી ઝુબાને સવાલો કર્યો. ૩૦

તે છોકરાએ પારખી સ્વદેશી ઝુબાન,
ને અકબરને આપી પોતાની પિછાન. ૩૧

ચમકયો તે ચેતી "શુકર, ઓ રહીમ,
"કાઝી તુમાલખાંનો બેટો કરીમ." ૩૨

ગયો ત્યાંથી અકબર તે સરદારની પાસ,
કરીમને છોડવવાની કરવા તપાસ. ૩૩

"કરીમને જો આપો તો શું લેઓ દામ?"
કહ્યું પેલા સરદારે "ભારી એ કામ." ૩૪

બડેખાંના બેટાની કીંમત અપાર,
તે સરદારે અસરફી કહી બે હજાર. ૩૫

ભરી દીધા અકબરે પૈસા તમામ,
કરીમને ખરીદીને ચાલ્યો મુકામ. ૩૬

લીધો સાથે નોકરને સુંદર લેબાસ,
કહી જઇ કરીમને ખુશાલીની વાત. ૩૭

ન સમજે કે સ્વપનું, ન સમજે ખરૂં,
અજબ થઇને પુછે "હું છુટો ફરૂં ?" ૩૮

કર્યાં છુટાં અકબરે બેડી ને બંધ,
નવાજ્યો નવો વાઝો રંગબેરંગ. ૩૯

ને લઈ ચાલ્યો સાથે પોતાને મકાન,
કર્યાં હેત બરદાસ્ત પીતા સમાન. ૪૦

સલામત સમો કંઇ મલ્યો તેજ વાર.
કરીમને મોકલવાનો કર્યો વિચાર. ૪૧

હેરાત ગામ જવાને ઉપડવાનું ઝાઝ,
દીધો તેમાં સર્વે કંઇ સગવડનો સાજ. ૪૨

ભલો એક હજુરયો દીધો તેની સાથ,
ભરી કેલી ઝરની મુસાફરીને કાજ. ૪૩

કહ્યું તેને "મારા આ નાનકડા દોસ્ત,
"હશે તુને માબાપને મલવાની હોંશ. ૪૪

“હતે જો ન તુંને વતન વાહલું હાલ,
“વધુ દીન રાખી હું રેહતે ખુશાલ. ૪૫
“પિતામાત તારાં ખુશી પામશે,
“જુદાઇના જુલમથી તે ઝુરતાં હશે. ૪૬
“કબુલ રાખજે ઝરની આ નાની રકમ,
“પડે કદી રસ્તામાં ખરચીનુ કામ. ૪૭
“ને દેજે તુંજ પેદર ચીઠી આ એક,”
પુરા પ્રેમે બોલ્યો તે વેપારી નેક. ૪૮
“ભુલીશ ન તુંને હું તો વર્ષો સુધી,
“ન ભુલશે તું મુજનેભી તેમજ કદી,” ૪૯
અકબરને કરીમે કહયો હેતથી,
ખરાં દીલે ઉપકારનો ઉભરો અતી. ૫૦
અરસ–પરસ ભેટીને રાજી રહયા,
ભરી આંખ આંસુએ છુટટા પડયા. ૫૧
મુસાફરી કરીમની સરંજામ થાઇ,
ઉતર્યો કિનારે, મળ્યો ઘેર જઇ. ૫૨
પિતામાત ઘેરે ટવળતાં હતાં,
પુરા એક બેટાને રડતાં હતાં. ૫૩
ન જાણતાં કે બેટો હશે જીવતો,
સમજતાં તે ડુબ્યો દમાવંદ જતો. ૫૪

ખુદાવંદે પુત્રને પાછો દિધો,
હરખ ભર્યે હૈડે વધાવી લિધો. ૫૫

કરીમે પોતાની કહી વીગતો,
દમાવંદી કીલ્લાનો કેદી હતો. ૫૬

ગુલામ થઇ પડેલો અતી બુરે હાલ.
બચાવનારની કીર્તિનો કર્યો હેવાલ. ૫૭

તુમાલખાંએ પુછ્યું એ જાણી બધું,
"ભલા કોણ એવાનો આભારી હું." ૫૮

કરીમે બતાવી એક ચીઠી અજબ,
તુમાલખાંએ વાંચી તે નીચે મુજબ. ૫૯

"મજુરયાનો બેટો છે સંતોસી એમ,
"વચન પડ્યું સાચું તે બોલ્યોતો જેમ. ૬૦

"કહયાતા સખુનો તેં તેને સખત,
"થશે તુંને પસ્તાવો હાલને વખત. ૬૧

"હવે તું સમજજે ગુમાની અમીર,
"કે એક પુરો બેટો જે તારો કરીમ. ૬૨

"ગુલામીથી છોડવીને સોંપ્યો છે હાલ,
"લખે છે તે અકબર જનમ દેશનીકાલ." ૬૩

પડી ચીઠી હાથમાંથી વાંચતાંને વાર,
તુમાલખાંએ બેહુ હાથે ઘાંકયું દિદાર. ૬૪

કરીમ તારીફ અકબરની કર્યો જતો,
વખાણ તેની ગાવામાં ચકચુર હતો. ૬૫

તુમાલખાં તો હેસાનમાં ડુબ્યો અપાર,
અકબર સાથની દોસ્તીનો કર્યો વિચાર. ૬૬

હેરાતના અમીરોને વાકેફ કર્યા,
ગુણો તે દયાળુના જાહેર કર્યા. ૬૭

વતન તેને તેડવાને પાછો ફરી,
અમીરોને સમજાવ્યા કોશેશ કરી. ૬૮

તુમાલખાંએ અકબરને તેડવા ફરી,
લખી તેને ચીઠી વિનંતી કરી. ૬૯

ઉદાર તેની બક્ષેશની તારીફ કરી,
ખુસામતને ખીદમતે ચીઠી ભરી ૭૦

અકબરે તે વાંચીને રાખી કબુલ,
વતન ફર્યો પાછો ખુશાલીથી કુલ. ૭૧

સગાં સ્નેહી સર્વેની સાથે મલી,
ચમનમાં નિવારી તે જીંદગી ભલી. ૭૨

શાહનશાહ એડવર્ડ ૭ માનું શોકજનક મરણ.

દોહરા.

મહા કૃપાળુ શાહનશાહ, અખંડ તારાં કામ,
જુગ જુગ રહેશે જગતમાં અમ્મર તારૂં નામ.
રાજા એડવર્ડ સાતમો, સુલેહ તણો શાહ નેક;
"પીસ મેકર" અલકાબથી, ઓળખાયો તું એક.
દુન્યામાં દિપાવળો, રૈયત રાખે ચાહ;
હિંદે માન્યો માનથી, શાહોનો તું શાહ.
જશવંતુ આ જગતમાં, ઝલકે બ્રિટીષ તાજ;
હીરો જડ્યો હેમમાં, તેવું તારૂં રાજ.
વિક્ટોરયાનો પુત્ર તું, ભલો પનોતો રાય;
માત-પિતા સમ ગુણથી, વિશ્વ બધે વખણાય.
તખ્તે આવ્યો તે સમે, રૈયત હરખાઇ જાય,
છોડી ચાલ્યો રે હવે, દુઃખની કાઢે હાય.
તારીખ છથી મે તણો, દીવસ દુઃખની જાળ;
ઓગણીશસો દસ ઇસવી, રાત્રે રૂઠ્યો કાળ.
અજલ અણુચીત સાંભળી, રૈયત આખી રોઇ;
રાય હશે નહી પુર્વમાં, એવો બીજો કોઇ.

જેવું તેં આ જગતમાં, જશનું પેહેરયું તાજ,
તેવું કરજે સ્વર્ગમાં, સાંતી સાથે રાજ.

રાણીજીને પુત્રીઓ, પુત્ર, વહુ, પરિવાર;
સૌને એ દુઃખ સાંખવા, શકતી દે કિરતાર.

નવા અમારા શાહને, સાહેબ કરજો સાહ્ય;
રાજા પંચમ જયોર્જ ને, રાજ મુબારક થાય.

બેટો કાબેલ બાપનો, જેથી દિપશે તાજ;
દિલથી દુઆ દે પ્રજા, સુખમાં કરજો રાજ.

અબુ અને ફિરેસ્તો.

કવી Leigh Hunt ની રચેલી ઇંગ્રેજી કવિતા ઉપરથી.

બેત.

અબુ બીન આદમને ચાહયે દુઆ,
ગુણો તે ભલાના કવીએ કહયા.
હતો એક રાત્રે મિઠા ખ્વાબમાં,
ને જાગ્યો ને જોયું અજબ ખુસ્તુમાં.
પ્રકાશી છે રોશની મહાતાબની,
ઝલકતી સીકલ ત્યાં ફિરેસ્તા તણી.
ખરો એક ગ્યેબી છે ખીલતો ગુલાબ,
લખે છે તે સોનેરી લઇને કિતાબ.
હતી પુર શાંતી તે પાસે ભલી,
અબુ બીન આદમ ને હીંમત મલી.
"ભલા શું લખો છો" કર્યો એ સવાલ,
ચશમ તેણે ઉંચકી કિતાબેથી હાલ.
મિઠા ને મયાળુ સરોદે કરી,
દિધો તેણે ઉતર અબુગમ ફરી.
"જે યઝદાં પરસ્તો ખરાં દીલનાં,
"લખું નામ તે નેકબંદાં તણાં."

સવાલ તેને કર્યો અબુએ અહીં,
"ભલા નામ મારૂં લીધું કે નહી?"
"નથી નામ તારૂં." તે પીરે કહ્યું,
અબુએ ધીરજ રાખી સર્વે સહ્યું.
ખુશાલી ને ફત્તેહથી બોલ્યો અબુ,
"નમીને અરજ હું તમોને કરૂં.
"લખો નામ મારૂં ગણી એમજે,
"કે આલમનાં લોકોને ચાહનારો છે."
ફિરેસ્તો લખી ત્યાંથી ગુમ થઇ ગયો,
બીજી રાત્રે રોશની ને ઝલકાટ થયો.
ઉતર્યો ફિરેસ્તો વધુ ઝેબમાં,
લખી નામ લાવ્યો ધરી હાથમાં.
ખુદાનાં વખાણેલ નામો વિસે,
અબુ નામ સર્વેથી પેહેલું દિસે.

કેફ વિષે.

ભુજંગી.

કરી ઇશ્વરે વસ્તુઓ કંઇક ન્યારી,
કરી કોઈ ઝેરી, કરી કોઇ સારી.
વળી હોય પણ કંઇક જો ગુણગારી,
અતી લોભથી વાપરે તો નઠારી. ૧

કહી કેફ તું ચાખવા માંડશે જો,
વધુ ને વધુ ટાંસવા ભાવશે જો.
કુડો કાળ એ કાળજું કાપશે જો,
બુરો હાલ કંગાલ તારો થશે જો. ૨

બુરા ભાંગ. ગાંજા ઘણા ભાવતા છે.
શિરે તંમરો તો ચઢો આવતા છે.
લથરતો, પથરતો ઘરે લાવતા છે,
વળી વસ્ત્ર વાગા તણા વાવટા છે. ૩

અભાગ્યા, અરે તું જરા જો ફરીને,
રડે છોકરાં ભુખથી રોટલીને,
લડે માગનારાં તકાજો કરીને,
રડે રાંકડી નાર માથુ ધરીને. ૪

ગુણી દ્રવિય ને વ્યર્થ બીનઅર્થ ખરચે,
ભુલી ભાન ને ધ્યાન બે ધ્યાન ફરશે.
ખુટી ધાનને માન ભુખ્યો ભટકશે,
નતીજો ખરે આખરે એજ મલશે. ૫

હજારો લખાણો થયાં કેફ કાજે,
હજારો ઠડાવો કર્યાં જણ–સમાજે.
વખોડે ભલા લોક એકકે અવાજે,
અરે છોકટા, તે છતાં તું ન લાજે. ૬

અરે માનવી માન ની વાત સારી,
બુરી કેફની ટેવ તું દે વિસારી,
રળયા રોટલા નાખ નાં તું નિવારી,
ગલ્યાં ઝેર ગળવાં તજી દે વિચારી. ૭

કીડી અને પક્ષી.

દોહરા.

બેઠું પક્ષી ડાળીએ, ગાતું મીઠા રાગ,
દીઠું એક શિકારીએ, આસ કરી લઈ લાગ. ૧

ચટકો દીધો કીડીએ, ઉડયું તે તત્કાળ,
ફેંકયો તીર ફોકટ ગયો, રામે લીધી ભાળ. ૨

વળતી પક્ષી એક સમે, ફરતું સાગર તીર,
કીડી લપશી ઝાડથી, નીચે વેહે છે નીર. ૩

દેખી કીડી ડુબતી, પક્ષી લાવ્યું પાન,
ફેંકયું તે ચાંચે વતી, કીડી ગમ નીમાંણ. ૪

ઝાલી બેઠી ઝડપથી, તેપર રાખી ધીર,
તરતું આવ્યું પાન તે, ઠર્યું સાગર તીર. ૫

એ રીતે ઉગારયો, અરસપરસનો પ્રાણ,
ધન્ય નિર્બળ પ્રાણીઓ, ધન્ય પક્ષી જ્ઞાન. ૬

કીંગ એમપરર જયોર્જ અને કવીન એમપ્રેસ મેરી મુંબઇ આવ્યાં.

રાગ લાવણી.

(ઘનઘટા ગગન બીચ છાંઇ, એ રાહ.)

પ્રભુજીએ કરી મેહેરબાની, આવ્યાં છે રાજા રાણી.
કીંગ એમપરર જયોર્જની સાથે,
કવીન એમપ્રેસ મેરી બિરાજે,
ધન ભાગ્ય ભરતનાં આજે,
પ્રજા હરખાય, પધાર્યા રાય, અરજ ઉર માની –
આવ્યા છે રાજા રાણી.

સન ઓગણીસો અગીઆરે,
ડીસેમબર ને શનીવારે,
બીજી તારીખની સવારે,
ઝમકતું ઝાઝ, લઇ મહારાજ, કરી આમદાની,–
આવ્યાં છે રાજા રાણી.

ભલે આવ્યાં ભરતને બારે,
તાજ તખતને અવસર સારે,
વધાવ્યે ઝવેરની થાળે,
મુબારક રાજ, મુબારક તાજ, હિંદુસ્તાની,–
આવ્યાં છે રાજા રાણી.

એ મુંબઇ શેહેર પનોતું,
સર્વેમાં આગલ હોતું,
સૌના મુખ પેહેલું જોતું.
ખુશી તું થા, ખુબી તું ગા, નશીબ શુભ જાણી,—
આવ્યાં છે રાજા રાણી.

રાજવંશીનાં દરશણ કીધાં,
મુખડાં મન મોહન મીઠાં,
અમે હરખે વધાવી લીધાં,
રૂડે એ કાજ, અમારી આજ, સફળ જીંદગાની,—
આવ્યાં છે રાજા રાણી.

ખુશ બખતે તખતે તમો ચઢજો,
શુભ મહુરતે મુગટ શીર ધરજો,
રાજ હીંદપર અખંડ તમો કરજો,
સદા સુખ સાથ, રહો આબાદ, ફળો સુભ વાણી,—
આવ્યાં છે રાજા રાણી.

શાહનશાહ સલામત?

તાજ મુબારક.

હરીગીત.

ખુદાની મેહેરથી ખુશાલ, વાજ આજ ગાજીયા,
મહા પ્રતાપી શાહનશાહ, સિંહ–આશને બિરાજીયા. ૧

મુબારક રાજય આપને, મુબારક તાજ આપને,
વધે વિસ્તાર રાજયનો, બધે પ્રકાશ તાજનો. ૨

પ્રભુના પ્રિય બાળ છો, પ્રજાના પ્રીય બાપ છો,
સુગુણી તાત માતના, સુગુણી પુત્ર આપ છો. ૪

પ્રજાને માથે હાથ આપ, સાહયથી દિપાવજો,
અરી ને શીરે ચર્ણ આપ, ફત્તેહથી દબાવજો. ૪

ચોખુંડ રાજય–માળમાં, બ્રિટીશ બ્રીલ્યંટ ચકચકયો,
ઝલકાટ દીવો જગતનો, બ્રીટીશ ઝુમ્મરે જડયો. ૫

રલ્યામણીએ ભર્ત–ભુમી, રત્ન પુર્વ કાળમાં,
તે બ્રીટનોનાં ચર્ણથી, ચળકાટ પામી હાલમાં. ૬

આકાશી મંડળે જુઓ જેમ, સુર્ય સૌથી સ્રેષ્ટ છે,
દુન્યાઇ ન્યાય મંડળે, બ્રિટીશ ન્યાય તેમ છે. ૭

આરોગ્યતાને સુખ ફત્તેહ, સાથ બહુ બહુ જીવજો,
સુભાગ્ય રાણી, પુત્રો ને, પરિવાર સૌ સુખ્યાં થજો. ૮

અર્પણુ પ્રજાની ભકતી રૂડા, પુજ્ય રૂપી રાયને,
આમીન પ્રજાની આશીસો, શીર–છત્રરૂપી રાયને. ૯

થાઓ ચક્રવર્તિ રાજ્ય જેમ, ઉદય પ્રભાતે દીનનો,
ચઢતી કળા કીર્તિ વધો જેમ, ચંદ્ર ઉગતો બીજનો. ૧૦

શ્રી જગપતીની સાહયથી, જય સર્વદા બ્રીટીષનો,
અખંડ ઝુંડો ગાજતો, કીંગ જયોર્જ કયશરે–
હીંદનો. ૧૧

બેરોનેટ સંતરી.

બેત.

સુનો ભલા ખાનંદાની પુત્રની વાત,
મલ્યો તેને વારસાથી સરનો ખેતાબ. ૧

દરજ્જાને લાયકની દોલત નથી,
મલી તેને વારસામાં દમરી નથી. ૨

સગાં સ્નેહી પાસેથી લેવું નથી,
ને દરબારને માથે તો પડવું નથી. ૩

કમાઇ કંઇપણ કરવાનો કર્યો વિચાર,
પણ ધંધાંની આવડત તો નહોતી લગાર. ૪

લશકરની નોકરીમાં નોધાવ્યું નામ,
ને કરનલને દરવાજે સંતરીનુ કામ. ૫

બેરોનેટની પદવીને ભુલ્યો હવે,
ખભે ધરી બંદુકને પેહેરો ભરે. ૬

કરનલને મલવા કોઇ આવ્યો હતો,
સર રોબર્ટનો જુનો તે મીત્ર હતો. ૭

દીઠો તેણે સરને તો ચોકી બરદાર,
અજબ થઇને પુછ્યું "ઓ સાણા સરદાર. ૮

“ભલા છે સર રોબર્ટ ઇન તારૂ નામ,
“ને શા કાજે લીધું તે સંતરીનુ કામ. ૯

“અમીરનો તું બેટો ને શા તારા હાલ,”
સર રોબર્ટે દરસાવ્યો સઘળો હેવાલ. ૧૦

ગયો પેલો ત્યાંથી તે સરદારની પાસ,
કહયો કીસ્સો અંતે સર રોબર્ટનો ખાસ. ૧૧

“અતી માન પામ્યા છો કરનલ તમે,
“કે શાહો તો પામ્યા નથી કોઇ સમે. ૧૨

“એવા ભાગ્યવંતા છો સાહેબ ખરે,
“કે આપ ઘેરે બેરોનેટ પેહેરો ભરે.” ૧૩

અવેજી બીજો એક તુરત મોકલી,
સર રોબર્ટને તેડી કથા સાંભળી. ૧૪

ઉઠી તેણે હાથોસે મેળવ્યા હાથ,
ઇજન કર્યું જમવાને પોતાની સાથ. ૧૫

મજુસો બતાવી પોષાકે ભરી,
પસંદ કરી પેહેરવાને વીનતી કરી. ૧૬

સર રોબર્ટની ખુશીનો શું રહયો પાર,
નમી તેણે કરનલનો માન્યો ઉપકાર. ૧૭

ભજન તેણે જમવાનું કર્યું કબુલ,
નવાં વસ્ત્ર વાગા કર્યા ના કબુલ. ૧૮

હતાં તેની પાસે જુના વખતથી,
ઘરે જઇને લાવ્યો તે પેહેરવા થકી. ૧૯

વધુને વધુ તેની વાતો વડે,
ગુણો તેના કરનલના દીલમાં થડે. ૨૦

અપાવી જગ્યા તેને સરદારની,
અતી માનવંતીને ઝુંડાં તણી. ૨૧

પછી તેને પોતાની પુત્રીની પાસ,
લઇ ગયો કરનલ તો મલવાને ખાસ. ૨૨

રહેલી નિસાળે તે શીખવાને કાજ,
હવે તેનો પુરો થશે અભીઆશ. ૨૩

સર રોબર્ટનુ દેખીને ખુશ થયું મન,
ને કરનલની પુત્રીને પડયો પસંદ. ૨૪

ઘરે આવી કરનલે આપ્યું વચન,
ને પુત્રીસે રોબર્ટનાં કર્યાં લગન. ૨૫

ખુશી ને ખુશાલી ને રંગ ને રાગ,
પરોણાં ને પાર્ટીઓ ચાલી અથાગ. ૨૬

કન્યા-દાન કરનલે દીધું વલી,
સર રોબર્ટનો દરમાયો સાથે મલી. ૨૭

બેરોનેટની પદવીને પુરતું થશે,
સર રોબર્ટને લેડી ઈન સુખમાં વસે. ૨૮

વખત જોઇને વાત.

ચોપાઇ.

જોર ઝપાટે વાયુ વાય,
વનમાં વૃક્ષો[1] ઝોંકા ખાય.
મોટાં ઝાડો ના મરડાય,
જડમૂળથી ઉખડી જાય. ૧

મોટાં ગર્વે ગબડી જાય,
નાનાં નીરાંતે મળકાય.
વાયે વાંકાં વળ્યાં જાય,
તુફાન સમે ને સીધાં થાય. ૨

એ ઉપરથી લેવો સાર,
મોટાઇનો તજવો અહંકાર,
સાંત સદા જો રહેવું ઠામ,
સમય સમાલી લેવું કામ. ૩

---

૧ વૃક્ષો=ઝાડો.

મુર્ખ રાયનો ન્યાય.

દોહરા.

મુર્ખ રાયના મુલકમાં, જુઓ ઝલકતા ન્યાય.
ગાયે ડોકું નાખ્યું, ઘઉંની કોઠી માંહે. ૧

શીંગડાં ઉતર્યાં નીચે, પાછું ના ખેંચાએ,
બહુ લોકે યુકતી કરી, લાગ્યો ના ઉપાય. ૨

આવ્યા ત્યારે પુછવા, રાજાજીની પાસ,
રાયે ગુસ્સે થઇ કહ્યું, "ભારી શું છે વાત. ૩

"કાપો પહેલે ગાયનું ડોકું તો તત્કાળ,
"વળતી કોઠી તોડીને, કાઢો સઘળો માલ." ૪

કરે તેવું પામે.

નારાચ છંદ.

ફરે ફકીર રોજ ઘેર, ઘેર ભીખ માગતો.
કર્યો વિચાર બાઇએ, કે બંધ થાય આવતો. ૧

પકાવી પુરી રંક કાજ, ખુબ ઝેર ભેળીને,
ફકીર લેઇ ઘેર જઇ, રહયો છે પુરી મેલીને. ૨

જતો ઘરે પ્રદેશથી, તે બાઇનો પુત્ર વાટમાં,
વિસામે રંક સાથ રહી, જમ્યો પુરી પ્રભાતમાં. ૩

ગયો સપુત્ર બાઇનો, બચ્યાં ગરીબ માણસો,
ખુદાઇ ખેલ જાણજો, કે કામ તેવું પામશો. ૪